# વાલિયામાં દોડતી ટ્રકમાંથી છૂટું પડી વ્હીલ બે યુવક સાથે અથડાયું

**દુકાન** પાસે ખુરશી પર બેઠેલા ચિરાગ અને હર્ષ સાથે ટાયર અથડાતાં બેભાન



ભરૂચઃ વાલિયા ખાતે નેત્રંગ તરફથી પૂરઝડપે આવતી એક ઓવરલોડ કપચી ટ્રકનું પાછળનું વ્હીલ અચાનક છૂટું પડી સૌપ્રથમ રોડ નજીક દુકાન પાસે ખુરશી પર બેઠેલા બે યુવક સાથે અથડાયું હતું. બાદ નજીકના સરકારી દવાખાનાના કમ્પાઉન્ડમાં ઊભેલી 108 એમ્બ્યુલન્સ સાથે અથડાયું હતું.

મળતી માહિતી મુજબ અક્ષતકુમાર અરુણભાઈ ગામીત વાલિયા બસ ડેપો સામે નાસ્તાની દુકાન ચલાવે છે. તા.9ની રાત્રે તે તેના મિત્રના પિતા શંકરભાઈ વસાવાની ચાની દુકાન પર ગયો હતો. ત્યાં અક્ષત, તેના મિત્રો ચિરાગ શંકરભાઈ વસાવા અને હર્ષ સન્મુખભાઈ વસાવા દુકાન સામે ખુરશી નાંખીને બેઠા હતા. દરમિયાન નેત્રંગ તરફથી પૂરઝડપે આવતી ટ્રકનું પાછળનું વ્હીલ અચાનક છૂટું પડતાં સીધું આવીને ચિરાગ અને હર્ષ સાથે જોરદાર રીતે અથડાયું હતું.

બંને જોરથી જમીન પર પટકાયા અને ગંભીર રીતે ઘાયલ થતાં તેઓ બેભાન થઈ ગયા હતા. અથડાયા બાદ વ્હીલ ત્યાંથી આગળ વધીને સરકારી દવાખાનાના કમ્પાઉન્ડમાં ઊભેલી 108 એમ્બ્યુલન્સ સાથે અથડાયું હતું. ઘાયલ યુવકોને તાત્કાલિક અંકલેશ્વર ખસેડવામાં આવ્યા હતા. જ્યાં હાલત ગંભીર જણાતાં તેમને સારવાર માટે સુરત લઈ ગયા હતા.

ઘટના બાદ ટ્રકનું વ્હીલ છૂટું પડતાં ટ્રક ચાલકે ઘટના સ્થળથી થોડે દૂર ટ્રક મૂકી અને ફરાર થઈ જવાનો પ્રયાસ કર્યો હતો. અક્ષતકુમાર અરુણભાઈ ગામીત (રહે.,વાલિયા, જિ.ભરૂચ)ની ફરિયાદના ।ધારે વાલિયા પોલીસે ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે.

# માંગરોળ હત્યા કેસમાં આરોપીને આજીવન કેદ

**ટ્રાયલમાં** બે સાક્ષી ફરી ગયા છતાં FSL અને PM રિપોર્ટના આધારે ગણપત વસાવા દોષી ઠર્યો

સુરતઃ જુલાઈ, ૨૦૨૩મા સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના ઉમેલાવ ગામમાં પ્રાથમિક શાળામા થયેલી હત્યા કેસમાં આરોપી નરેશ વસાવાને સેશન્સ કોર્ટે આજીવન કેદની સજા ફટકારી હતી.તેમજ આરોપીને મૃતકનાં માતાપિતાને વળતર પેટે એક લાખ રૂપિયા બે મહિનામાં ચુકવી આપવાનો હુકમ કરવામાં આવ્યો હતો. ટ્રાયલ દરમિયાન બે સાક્ષી ફરી ગયાં હતાં. કોર્ટએ પરિસ્થિતિજન્ય પુરાવા, એફએસએલ રિપોર્ટ, પોસ્ટમોર્ટમ રિપોર્ટ તથા "લાસ્ટ સીન થિયરી" સહિતના પુરાવાને ધ્યાને રાખી ચુકાદો આપ્યો હતો. આ બનાવ અંગે મૃતકના પિતા ગામીયા વસાવાએ આરોપી નરેશ વસાવા વિરુદ્ધ માંગરોળ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. આ બનાવની હકીકત મુજબ તા.૧૦/૦૭/૨૦૨૩ના રોજ ફરિયાદી ઘરે હતા ત્યારે કાળા વસાવાએ ફરિયાદીનાં ઘરે આવી તમારો છોકરો મુકેશભાઈ ઉર્ફે ટિનકો અને નરેશ જુની પ્રાથમિક સ્કુલમાં લડાઈ-ઝઘડો કરે છે. જેથી ફરિયાદીએ મુકેશને લઈ આવવાનું જણાવ્યું હતું. ત્યારબાદ અડધા કલાક પછી ફરી આ કાળાભાઈ ફરિયાદીનાં ઘરે આવી તમારો છોકરો મુકેશ ઉર્ફે ટિનકો પ્રાથમિક શાળાના રૂમમાં પડ્યો છે ને કંઈ બોલતો નથી. જેથી ફરિયાદી દોડી ગયા હતા જ્યાં જમીન પર પડેલા દિકરાને સરકારી દવાખાના મોસાલી ખાતે લઈ જતાં ફરજ પરનાં ડોકટરે મૃત જાહેર કર્યો હતો. આ ઘટના અંગે માંગરોળ પોલીસે આરોપી નરેશ સામે મૃતક પર બોથડ પદાર્થથી હુમલો કરી મોત નીપજાવ્યાંનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી સેશન્સ કોર્ટમાં ચાલી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ નિલેશ ગોળવાલા ફરિયાદ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે આરોપીને આજીવન કેદની સજા અને દંડ ફટકાર્યો હતો.

# દસ્તાવેજની નોંધણી પ્રક્રિયા ઝડપી કરવા કલેક્ટરની સૂચના

**જિલ્લા** કલેક્ટર તેજસ પરમારે બારડોલીની સરકારી કચેરીઓ અને ગ્રામ્ય સુવિધાઓનું કર્યું નિરીક્ષણ

### આંગણવાડી અને પ્રાથમિક આરોગ્યકેન્દ્રની પણ સમીક્ષા કરી

ગ્રામ મુલાકાત દરમિયાન તેમણે આંગણવાડી કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની પણ મુલાકાત લીધી હતી. અહીં વિવિધ દસ્તાવેજોની ચકાસણી કરીને કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. ગંગાસ્વરૂપા બહેનો તેમજ વૃદ્ધ પેન્શન યોજનાના લાભાર્થીઓ કોઈપણ પ્રકારની લાભસહાયથી વંચિત ન રહે તેની ખાસ કાળજી લેવા માટે સંબંધિત અધિકારીઓને નિર્દેશ આપ્યા હતા.

સુરતઃ સુરત જિલ્લાના કલેક્ટર તેજસ પરમાર દ્વારા બારડોલી ખાતે વિવિધ સરકારી કચેરીઓ અને ગ્રામ્ય સ્તરની જાહેર સેવાઓનું સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. મુલાકાત દરમિયાન તેમણે વહીવટી કામગીરીની સમીક્ષા કરી લોકોને સરકારી સેવાઓ સરળતાથી અને નિયત સમયમર્યાદામાં ઉપલબ્ધ થાય તે માટે સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપ્યા હતા.

કલેક્ટરે બારડોલી મામલતદાર કચેરી, સબ રજિસ્ટ્રાર કચેરી, જનસેવા કેન્દ્ર તેમજ ઈ-ધરા કેન્દ્રની મુલાકાત લઈને ત્યાં ચાલી રહેલી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. ઈ-ધરા કેન્દ્ર ખાતે જમીન સંબંધિત રેકોર્ડ્સના સંચાલન, ઓનલાઈન મ્યુટેશનની પ્રક્રિયા તથા અરજદારોને મળતી સેવાઓ અંગે માહિતી મેળવી હતી. આ ઉપરાંત સબ રજિસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ નોંધણીની પ્રક્રિયા વધુ ઝડપી, પારદર્શક અને ક્ષતિરહિત બને તે માટે જરૂરી સૂચનો આપ્યા હતા. મુલાકાત દરમિયાન કલેક્ટરે ભારપૂર્વક જણાવ્યું હતું કે અરજદારોને વિવિધ પ્રકારના પ્રમાણપત્રો અને સરકારી સેવાઓ નિયત સમયમર્યાદામાં ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવું જરૂરી છે. તેમણે વહીવટી તંત્રને લોકોના પ્રશ્નોના ઝડપી નિરાકરણ અને સેવાઓની ગુણવત્તા જાળવવા માટે તાકીદ કરી હતી. સાથે જ સરકારી કામગીરીમાં પારદર્શિતા અને જવાબદારી જળવાઈ રહે તે માટે પણ સૂચનો આપ્યા હતા. ત્યારબાદ કલેક્ટર તેજસ પરમારે બારડોલી તાલુકાના ધામડોદ-લુંભા ગામની મુલાકાત લઈને જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત ધામડોદ-લુંભા પ્રાથમિક શાળાનું નિરીક્ષણ કર્યું હતું.

# રાજ્યભરમાં 208 મેડિકલ સ્ટોર્સ પર દરોડા, 72 દુકાનો સીલ

**કોડીન,** ટ્રામાડોલ, અલ્પ્રાઝોલમ સહિતની દવાઓનું ગેરકાયદે વેચાણ ચાલતું હતું

અમદાવાદ : ગુજરાતમાં યુવાધનને નશાના દૂષણથી બચાવવા રાજ્ય સરકારે હવે મેડિકલ સ્ટોર્સ અને ફાર્મસી ક્ષેત્રમાં ગેરકાયદે ચાલતા નશાકારક દવાઓના કારોબાર સામે મોટો પ્રહાર કર્યો છે. 'ઝીરો ટોલરન્સ' નીતિના ભાગરૂપે નશાના નેટવર્ક પર સરકારે સૌથી મોટો પ્રહાર કરવામાં આવ્યો છે. આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાના કડક આદેશ બાદ રાજ્યભરમાં હાથ ધરાયેલી વિશેષ ઝુંબેશ દરમિયાન 208 ફાર્મસી અને મેડિકલ સ્ટોર્સ પર તવાઈ બોલાવવામાં આવી હતી. કાર્યવાહી દરમિયાન ગંભીર અનિયમિતતાઓ સામે આવતા 72 દુકાનોના વેપાર પર તાત્કાલિક પ્રતિબંધ મૂકી તેમને સીલ કરવામાં આવી છે, જ્યારે 131 પેઢીઓને કારણદર્શક (શો-કોઝ) નોટિસ ફટકારવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર (FDCA) દ્વારા હાથ ધરાયેલી આ રાજ્યવ્યાપી વિશેષ ડ્રાઈવનો મુખ્ય હેતુ કોડીન, અલ્પ્રાઝોલમ, નાઈટ્રાઝેપામ, ટ્રામાડોલ અને ઝોલપીડેમ જેવી દવાઓના ગેરકાયદે વેચાણને અટકાવવાનો હતો. આ દવાઓનો કેટલાક કિસ્સાઓમાં નશા માટે દુરુપયોગ થતો હોવાના ઈનપુટના આધારે સમગ્ર રાજ્યમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન અનેક પેઢીઓમાં સ્ટોક, ખરીદી અને વેચાણના હિસાબોમાં ગંભીર વિસંગતતાઓ સામે આવી હતી. તંત્ર દ્વારા દવાઓની ગુણવત્તા અને નિયમોના પાલનની ચકાસણી માટે 55 નમૂનાઓ પણ લેબોરેટરી પરીક્ષણ માટે લેવામાં આવ્યા છે. આ પરીક્ષણોના પરિણામોના આધારે વધુ કડક કાર્યવાહી થવાની સંભાવના છે.

આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે પ્રિસ્ક્રિપ્શન વિના અથવા શંકાસ્પદ સંજોગોમાં નશાકારક દવાઓનું વેચાણ કરનારાઓ સામે કોઈ પણ પ્રકારની ઢીલ રાખવામાં આવશે નહીં. નિયમોનો ભંગ કરનારી 131 પેઢીઓ સામે લાયસન્સ સસ્પેન્ડ કરવા કે રદ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે.

જો તપાસ દરમિયાન ગંભીર ગુનાહિત તથ્યો સામે આવશે તો સંબંધિત સંચાલકો સામે ફોજદારી કાર્યવાહી પણ કરવામાં આવશે.

# અમદાવાદ એરપોર્ટ પરથી 4.27 કરોડનું સોનું જપ્ત

**ફ્લાઇટના** વોશરૂમના સ્પીકરમાંથી રૂ. 4.27 કરોડના 24 ગોલ્ડ બિસ્કિટ સંતાડ્યા હતા

અમદાવાદ : અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ વિભાગે દાણચોરીના એક અત્યંત ચોંકાવનારા અને અત્યાધુનિક કૌભાંડનો પર્દાફાશ કરતાં રૂ. 4.27 કરોડનું સોનું જપ્ત કર્યું છે. દુબઈથી આવેલી ઈન્ડિગોની ફ્લાઈટના વોશરૂમમાં લગાવવામાં આવેલા સ્પીકરની પાછળ અત્યંત ચાલાકીપૂર્વક છુપાવવામાં આવેલા 24 ગોલ્ડ બિસ્કિટ મળી આવતા એરપોર્ટ સુરક્ષા અને કસ્ટમ વર્તુળોમાં ભારે ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી મુજબ ઈન્ડિગોની ફ્લાઈટ 6E-1478 શુક્રવારે સવારે 9:20 વાગ્યે દુબઈથી અમદાવાદ પહોંચી હતી. મુસાફરો વિમાનમાંથી બહાર નીકળી ગયા બાદ કસ્ટમ વિભાગને ગુપ્ત બાતમી મળી હતી કે એરક્રાફ્ટની અંદર દાણચોરીનું સોનું છુપાવવામાં આવ્યું છે.

બાતમીના આધારે કસ્ટમ અધિકારીઓએ એરક્રાફ્ટના એન્જિનિયરો અને ટેક્નિકલ સ્ટાફને સાથે રાખીને વિમાનની સઘન તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન એરક્રાફ્ટના લવેટરી (વોશરૂમ) વિભાગમાં આવેલા "નો સ્મોકિંગ" સૂચના વિસ્તાર નજીકના સ્પીકર બોક્સને ખોલવામાં આવ્યો હતો. સ્પીકરની પાછળ કાળા રંગની પોલીથીનમાં અત્યંત ગુપ્ત રીતે સંતાડીને રાખવામાં આવેલા 24 ગોલ્ડ બિસ્કિટ મળી આવ્યા હતા. જપ્ત કરાયેલા બિસ્કિટનું કુલ વજન 2 કિલો 799 ગ્રામ હોવાનું સામે આવ્યું છે.

### સાયક્લોનિક સર્ક્યુલેશનથી વરસાદ માટે અનુકૂળ સ્થિતિ

# આગામી ૩ જ દિવસમાં દક્ષિણ ગુજરાતના દરવાજે ચોમાસું દસ્તક દેશે

**૧૮ જૂન** સુધી સુરત સહિત અનેક જિલ્લાઓમાં વરસાદી માહોલની આગાહી, ગરમી અને બફારાથી રાહત મળશે

### આ જિલ્લાઓમાં વરસાદની સંભાવના

હવામાન વિભાગના અનુમાન મુજબ અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, આણંદ, ખેડા, ભરૂચ, નર્મદા, સુરત, નવસારી, વલસાડ, ડાંગ, તાપી તેમજ સૌરાષ્ટ્રના અમુક જિલ્લાઓમાં આગામી એક સપ્તાહ દરમિયાન હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. કેટલાક વિસ્તારોમાં ગાજવીજ અને તેજ પવન સાથે વરસાદી ઝાપટાં પણ નોંધાઈ શકે છે.

સુરતઃ ગુજરાતમાં ચોમાસાના આતુરતાપૂર્વક રાહ જોતા લોકો માટે સારા સમાચાર છે. હવામાન વિભાગના તાજા અનુમાન મુજબ આગામી બેથી ત્રણ દિવસમાં નૈઋત્યનું ચોમાસું મહારાષ્ટ્રના બાકીના વિસ્તારોને પાર કરીને ગુજરાતની સરહદ સુધી પહોંચી જશે. ચોમાસાની અનુકૂળ પરિસ્થિતિઓ સર્જાતાં રાજ્યમાં વરસાદી સિસ્ટમ વધુ સક્રિય બની છે, જેના કારણે દક્ષિણ ગુજરાત સહિત અનેક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે.

હવામાન વિભાગે ૧૨ જૂનથી ૧૮ જૂન દરમિયાન દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. અમદાવાદ સહિત અનેક શહેરોમાં આગામી દિવસોમાં ગાજવીજ સાથે વરસાદી ઝાપટાં પડવાની સંભાવના છે.

હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ હાલમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ચક્રવાતી પવનના સ્વરૂપમાં સક્રિય બન્યું છે.

ઉત્તર હરિયાણા અને આસપાસના વિસ્તારોમાં દરિયાઈ સપાટીથી આશરે ૩.૧ કિલોમીટર ઊંચાઈએ મજબૂત સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાયું છે.

## અનુસંધાન ... પાના પહેલાનું

### 1,000,000,000,000...

અંદાજ લગાવ્યો છે. સંસ્થાકીય અને સામાન્ય રોકાણકારોએ સ્પેસએક્સના ૫૫.૫૬ કરોડ શેરો ખરીદવા માટે પડાપડી કરી હતી. આ આઈપીઓ દ્વારા કંપનીએ રેકોર્ડ $૭૫ બિલિયન (આશરે ૭.૧૫ લાખ કરોડ) એકઠા કર્યા છે, જેણે વર્ષ ૨૦૧૯ માં તેલ કંપની 'સાઉદી અરામકો' દ્વારા બનાવાયેલા વિશ્વના સૌથી મોટા આઈપીઓનો રેકોર્ડ પણ સરળતાથી તોડી નાખ્યો છે. ગુરુવારે કંપનીએ પોતાના IPOની ફાઈનલ પ્રાઈસ 135 ડોલર નક્કી કરી દીધી છે. 1.77 ટ્રિલિયન ડોલર એટલે કે આશરે 168 લાખ કરોડ રૂપિયાના વેલ્યુએશન પર થઈ રહેલા આ લિસ્ટિંગ બાદ ઈલોન મસ્ક દુનિયાના પહેલા ટ્રિલિયોનેર લગભગ બની જ ગયા છે. સ્પેસએક્સ આ ઈશ્યૂ દ્વારા રેકોર્ડ 75 બિલિયન ડોલર એટલે કે આશરે 7.15 લાખ કરોડ રૂપિયા એકઠા કરી રહી છે. આ એકલો આઈપીઓ વર્ષ 2024 અને 2025માં આવેલા તમામ અમેરિકી આઈપીઓની કુલ એકત્રિત રકમ કરતાં પણ વધુ છે. આ દુનિયાનો સૌથી મોટો આઈપીઓ છે.

### નજીકના સ્પર્ધકો ઇલોન મસ્ક કરતાં જોજનો દૂર

ફોર્બ્સની યાદીમાં બીજા ક્રમે ગુગલના કો-ફાઉન્ડર લેરી પેજ છે, જેમની નેટવર્થ $૨૯૫ અબજ છે, જે ઇલોન મસ્ક કરતાં પૂરા $૭૦૫ અબજ ઓછી છે.

### અંબાણી-અદાણીની...

નેટવર્થ 172 બિલિયન (અબજ) ડોલર છે. બીજી તરફ, મસ્કની નેટવર્થ દરેક મિનિટે બદલાઈ રહી છે. આ સમયે તેમની નેટવર્થ 982 બિલિયન (અબજ) ડોલર છે. અંબાણી અને અદાણીની કુલ સંપત્તિ કરતાં એલન મસ્કની નેટવર્થ 810 બિલિયન ડોલર વધારે છે.

### અશક્યને શક્ય...

રોકાણકારોને ૨૦,૦૦૦%નું અધધ વળતર આપ્યું છે, જેના કારણે રોકાણકારોની સંપત્તિમાં $૧.૨ ટ્રિલિયનનો ઉમેરો થયો છે. આ જ કારણે સ્પેસએક્સના આઈપીઓ પહેલા પણ મસ્કની નેટવર્થ $૭૯૫ અબજ સુધી પહોંચી ગઈ હતી.

### શેરબજારમાં તેજી:...

એશિયામાં તણાવ ઓછો થતા અને અમેરિકા-ઈરાન વચ્ચે રાજદ્વારી સમાધાનની આશા વધતા વૈશ્વિક સેન્ટિમેન્ટમાં સુધારો થયો છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે યુદ્ધ સમાપ્ત કરવાની અને લશ્કરી હુમલા રદ કરવાની જાહેરાત કરી છે, જેની સીધી હકારાત્મક અસર બજાર પર પડી છે. ભારત માટે સૌથી મોટું પ્રોત્સાહન ક્રૂડ ઓઇલના ભાવમાં આવેલો 2.91 ટકાનો ઘટાડો રહ્યો છે, જે પ્રતિ બેરલ 87.75 ડોલર પર પહોંચ્યું છે. સેન્સેક્સની મુખ્ય કંપનીઓમાં બજાજ ફાઇનાન્સ, લાર્સન એન્ડ ટુબ્રો, ટાઇટન અને એચડીએફસી બેન્ક સૌથી વધુ વધનારા શેરોમાં સામેલ હતા, જ્યારે ટેક મહિન્દ્રા અને પાવર ગ્રીડમાં ઘટાડો જોવા મળ્યો હતો. સ્મોલકેપ અને મિડકેપ ઇન્ડેક્સમાં પણ 2.60 ટકાથી વધુનો ઉછાળો નોંધાયો હતો.

### સોનામાં 3,000 અને...

કે, સંભવિત અમેરિકા-ઈરાન શાંતિ કરાર અંગે વધતા આશાવાદને કારણે સોનાના ભાવમાં તીવ્ર રિકવરી જોવા મળી છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સામેના સૈન્ય હુમલા રદ કરવાની જાહેરાત કરી હોવાથી અને વાટાઘાટોમાં પ્રગતિના અહેવાલોથી રોકાણકારોનો આત્મવિશ્વાસ મજબૂત થયો છે. જોકે, આંતરરાષ્ટ્રીય બજારમાં થોડી નફાખોરીને કારણે હાજર સોનું સામાન્ય ઘટીને 4,206.88 ડોલર પ્રતિ ઔંસ અને ચાંદી 0.48 ટકા ઘટીને 67.02 ડોલર પ્રતિ ઔંસ પર ટ્રેડ થઈ રહી હતી. નિષ્ણાતોના મતે ક્રૂડ ઓઇલના ભાવ ઘટવા અને યુએસ ડોલર ઇન્ડેક્સ તેમજ બોન્ડ યીલ્ડમાં નરમાઈ આવવાને કારણે સોના અને જોખમી અસ્ક્યામતોના ભાવ ઊંચકાયા છે.

### બે વાર પાકિસ્તાન...

મસ્ક પાસે આશરે 22.89 lakh crore રૂપિયા બચી જશે.

* સાઉદી અરેબિયા અને નેધરલેન્ડ્સની જીડીપી 1.2 ટ્રિલિયન ડોલરની છે. મસ્ક પોતાની નેટવર્થમાં થોડી બચત ઉમેરે, તો આ દેશ ખરીદી શકે છે.

* જો મસ્ક બે દેશ ખરીદવા ઈચ્છે, તો 0.54 ટ્રિલિયન ડોલર જીડીપી વાળું સિંગાપુર અને 0.54 ટ્રિલિયન ડોલર વાળું ઈઝરાયેલ ખરીદી શકે છે.

### જન્મભૂમિ દક્ષિણ આફ્રિકાના GDP કરતાં બમણી અમીરી

આ રકમ મસ્કના જન્મસ્થળ એવા દક્ષિણ આફ્રિકાના વાર્ષિક જીડીપી ($૪૮૦ અબજ) કરતાં બમણા કરતાં પણ વધુ છે. દુનિયામાં માત્ર ૨૧ દેશો જ એવા છે જેમનો જીડીપી ૧ ટ્રિલિયન ડોલરથી વધુ છે, જેમાં અમેરિકા ($૩૨.૩૮ ટ્રિલિયન) અને ચીન ($૨૦.૮૫ ટ્રિલિયન) સૌથી આગળ છે.

# AI-171 પ્લેન દુર્ઘટનાના એક વર્ષ બાદ પણ રહસ્ય અકબંધ

ગાંધીનગર : અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી લંડન જવા ઉડાન ભર્યાના થોડા જ ક્ષણોમાં ધરાશાયી થયેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ AI-171 દુર્ઘટનાને આજે એક વર્ષ પૂર્ણ થયું છે. દેશના નાગરિક ઉડ્ડયન ઈતિહાસની સૌથી કરુણ અને ચર્ચાસ્પદ દુર્ઘટનાઓમાંની એક ગણાતી આ ઘટનાના એક વર્ષ બાદ પણ તેના ચોક્કસ કારણો અંગે સત્તાવાર નિષ્કર્ષ સામે આવ્યો નથી. જોકે, અકસ્માતની તપાસ કરી રહેલા એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યૂરો (AAIB)એ જણાવ્યું છે કે તપાસ હવે મહત્વપૂર્ણ અને નિર્ણાયક તબક્કામાં પહોંચી છે અને અંતિમ અહેવાલ માટે પુરાવાઓનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ ચાલી રહ્યું છે.

દુર્ઘટનાની પ્રથમ વરસીએ જાહેર કરાયેલા વચગાળાના નિવેદનમાં એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યૂરોએ અકસ્માતમાં જીવ ગુમાવનાર તમામ મુસાફરો, ક્રૂ સભ્યો અને અન્ય દિવંગતોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી તેમજ તેમના પરિવારજનો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી. એજન્સીએ સ્પષ્ટ કર્યું છે કે છેલ્લા એક વર્ષ દરમિયાન તપાસ ટીમે તકનીકી, ઓપરેશનલ, માનવીય અને સંસ્થાકીય તમામ પાસાઓની વ્યાપક તપાસ હાથ ધરી છે.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### 'ભૂતિયા'માંથી '...

કહી દે કે સ્વૈચ્છિક ડિમોલિશન છે તો મનપાથી માંડીને પોલીસ સહિતના તમામ બચી જાય છે.

નાસીરનગરની બાજુમાં જ બિલ્ડરો સંજય અને શૈલેષ દ્વારા પોતાનો પ્રોજેક્ટ મુકવામાં આવ્યો છે. આ બંને બિલ્ડરોએ આશરે એક વર્ષ પહેલા પણ મનપામાં પોતાનો પ્રોજેક્ટ મંજૂર કરાવવા માટે પુછપરછ કરી હતી. તે સમયે અધિકારીઓએ રસ્તો નહીં હોવાથી પ્લાન મંજૂર કરવાની ઘસીને ના પાડી દીધી હતી. જો પ્લાન મુકાશે તો 100 ટકા ફાઈલ રદ કરાશે તેવી ચિમકી પણ આપી દેવામાં આવી હતી. આ ચિમકીને પગલે બિલ્ડરો અટકી ગયા હતા. જોકે, પ્લાન મંજૂર કરાવવા માટે રસ્તો બતાવવા પ્લોટ વેલિડેશન સર્ટિફિકેટની જરૂરિયાત હોવાથી બિલ્ડરો દ્વારા પ્લોટ વેલિડેશન માટે ફાઈલ મુકી દેવામાં આવી હતી. બિલ્ડરો દ્વારા એવો કારસો રચાયો હતો કે જે પ્લોટ વેલિડેશન સર્ટિફિકેટ મળી જાય તો પછી પ્લાન પાસ કરાવી દેવાય. કારણ કે કાગળ પર તો બિલ્ડરોના પ્રોજેક્ટના સ્થળે પહોંચવા માટે રસ્તાની લાઈનદોરી હતી જ. જોકે, અધિકારીઓએ જ્યાં સુધી રસ્તો ખુલ્લો નહીં હોય ત્યાં સુધી પ્લોટ વેલિડેશન સર્ટિફિકેટ આપી શકાય તેમ નહીં હોવાથી આ ફાઈલ અટકાવી દીધી હતી. ફાઈલ અટકતાં જ બિલ્ડરોએ આ ભૂતિયા ડિમોલિશનનો કારસો રચ્યો હતો અને તેમાં મનપા અને પોલીસને પણ મુકપ્રેક્ષકની ભૂમિકા માટે સાંકળી લીધા હતા અને ડિમોલિશન કરી દેવામાં આવ્યું હતું. જોકે, ભારે વિવાદ થઈ જતાં મનપા અને પોલીસની સાથે સાથે બિલ્ડરો પણ ભેરવાઈ જવા પામ્યા હતા. જેને પગલે હવે બિલ્ડરોએ એવો રસ્તો શોધ્યો છે કે અસરગ્રસ્તો જ પોતે સ્વૈચ્છિક ડિમોલિશન કરી દીધાનું કહી દે. જે ડિમોલિશન થયું તેમાં 67 જેટલા પરિવારો અસરગ્રસ્ત બન્યા છે. જે પૈકી આશરે 40 પરિવારોને તો બિલ્ડરોએ નાણાં આપીને તેમની સ્વૈચ્છિક ડિમોલિશનની એફિડેવિટ કરાવી લીધી છે. હજુ અન્ય અસરગ્રસ્તોને મનાવવા માટે બિલ્ડરો જોર લગાડી રહ્યા છે. બિલ્ડરો દ્વારા કરાઈ રહેલા આ ધમપછાડા વચ્ચે પણ એક વાત ચોક્કસ છે કે ભૂતિયા ડિમોલિશનનો જે વિવાદ સર્જાયો છે તે જલ્દી શમે તેમ નથી.

### તપાસ સમિતીની...

દિવસે કયા અધિકારીઓ અને કર્મચારીઓ સ્થળ પર હાજર હતા, તેમની જવાબદારીઓ શું હતી અને ઝોન દ્વારા કઈ પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવી હતી તે અંગે સ્પષ્ટ અભિપ્રાય સાથેની વિગતો માંગવામાં આવી હોવાનું જાણવા મળે છે. મનપા કમિશનરે તપાસ કમિટીને ઝડપથી અને નિષ્પક્ષ રીતે તપાસ પૂર્ણ કરી વાસ્તવિકતા આધારિત રિપોર્ટ રજૂ કરવા સૂચના આપી હોવાનું મનપા વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. તેના ભાગરૂપે કમિટીએ સૌથી પહેલાં સેન્ટ્રલ ઝોનના વડા તરીકે આશિષ નાયક પાસેથી જ ઘટનાસંબંધિત તમામ દસ્તાવેજી વિગતો અને રેકોર્ડ તલબ કર્યા છે. ઉલ્લેખનીય છે કે, ઝોનલ ચીફ આશિષ નાયકે ગત રોજ પ્રથમ વખત મનપા વતી સત્તાવાર વીડિયો સંદેશ જાહેર કરી નાસીરનગર ડિમોલીશન અંગે મનપાની કામગીરી અંગે સ્પષ્ટતા કરવાનો પ્રયાસ કર્યો હતો. હવે તપાસ કમિટી સમક્ષ તેઓ રજૂ કરનાર અહેવાલ સમગ્ર પ્રકરણની દિશા નક્કી કરવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. 16 જૂન બાદ કમિટીને મળનારા અહેવાલોના આધારે આગામી કાર્યવાહી અને જવાબદારી નક્કી થવાની શક્યતા છે.

### મનપા કચેરીએ...

કર્યો છે. જ્યારે મનપાના ત્રણ માર્શલો ધવલ સેલર, પલ્લવ સોલંકી, જીલ વરિયાવાની બહાર બદલી કરી જતીન ચૌહાણ અને રચીત માહ્યાવંશીને મનપા કચેરીએ નિમણુંક આપવામાં આવી હતી.

### ભૂતિયા ડિમોલિશન...

વર્ષ 1982માં મંજૂરી આપવામાં આવી હતી. નિયમ મુજબ આવી લાઇનદોરીના અમલ માટે અસરગ્રસ્તોને નોટિસ આપવી, વાંધા-સૂચનો સાંભળવા અને સક્ષમ સત્તાધીશની મંજૂરી મેળવવા જેવી પ્રક્રિયા જરૂરી હોય છે, જેમાં સામાન્ય રીતે દોઢથી બે મહિનાનો સમય લાગી શકે છે. જોકે, આ પ્રક્રિયા પૂર્ણ થયા વિના જ ડિમાર્કેશન અને ડિમોલીશનની કાર્યવાહી હાથ ધરાઈ હોવાથી પહેલેથી જ એવી ચર્ચા હતી કે કોઈક મોટા માથાના ઈશારે આ ખેલ થયો છે. ચર્ચા મુજબ, સંબંધિત જમીન પર વિકાસ પરવાનગી અને બાંધકામની ફાઇલો ઝડપથી મંજૂર કરાવવા ઇચ્છુક બિલ્ડરોએ પોતાના રાજકીય સંપર્કો મારફતે મંત્રીને વચ્ચે લાવીને મંત્રી મારફત મનપા તંત્ર પર દબાણ ઊભું કર્યું હતું. રાજ્યકક્ષાના એક પ્રભાવશાળી મંત્રીના દબાણને પગલે કાયદાકીય પ્રક્રિયાને બાજુએ મૂકી કાર્યવાહી કરવામાં આવી હોવાની ચર્ચા રાજકીય અને વહીવટી વર્તુળોમાં ચાલી રહી છે.

### અખરોટની 31.48...

બનાવટી હોવાનું બહાર આવ્યું હતું અને તેનો ઉપયોગ માલને અફઘાન મૂળનો બતાવવા માટે કરવામાં આવ્યો હતો. તપાસમાં દુબઈ કસ્ટમ્સના સત્તાવાર દસ્તાવેજોના આધારે માલનો વાસ્તવિક મૂળ દેશ ચીન, અમેરિકા અને ચિલી હોવાનું બહાર આવ્યું હતું. તેમ છતાં એમ/એસ સ્વસ્તિક ઈન્ટરનેશનલના નામે દાખલ કરાયેલા 43 બિલ ઓફ એન્ટ્રીમાં માલને અફઘાનિસ્તાનનો દર્શાવી SAFTA લાભ લેવામાં આવ્યો હતો. આ રીતે સરકારને રૂ. 31,48,08,661.70ની કસ્ટમ્સ ડ્યૂટીની નુકસાની પહોંચાડવામાં આવી હોવાનું કસ્ટમ્સ વિભાગે નોંધ્યું છે. તપાસ દરમિયાન સ્વસ્તિક ઈન્ટરનેશનલના માલિક ચિરાગ ચમારિયાના નિવેદનમાં મહત્વના ખુલાસા થયા હતા. તેમણે જણાવ્યું હતું કે તેમની પાસે મોટા પાયે આયાત કરવા માટે ન તો નાણાકીય ક્ષમતા હતી કે ન વેપારી કુશળતા. સ્નેહ કાકડિયાએ તેમને ફ્રન્ટ એન્ટિટી તરીકે ઉપયોગમાં લઈને આયાત વ્યવહાર હાથ ધર્યા હતા. આયાત માટેની નાણાકીય વ્યવસ્થા, દસ્તાવેજીકરણ, કસ્ટમ્સ ક્લિયરન્સ અને માલના વેચાણ સહિતની સમગ્ર પ્રક્રિયા સ્નેહ કાકડિયા અને તેના સાથીદારો નિયંત્રિત કરતા હતા. કસ્ટમ્સ વિભાગના જણાવ્યા મુજબ દસ્તાવેજી પુરાવા, બેન્કિંગ વ્યવહારો અને કસ્ટમ્સ એક્ટની કલમ 108 હેઠળ નોંધાયેલા નિવેદનોના આધારે સ્નેહ કાકડિયા સામે કસ્ટમ્સ એક્ટની કલમ 112(એ), 114AA, 132 અને 135 હેઠળ ગુનાઓ બનતા હોવાનું જણાયું છે. તપાસને અસર પહોંચાડવાની, સાક્ષીઓને પ્રભાવિત કરવાની અને પુરાવા નષ્ટ કરવાની શક્યતાને ધ્યાનમાં રાખીને તેમની ધરપકડ કરવામાં આવી છે. હવે આરોપીને રાયગઢ જિલ્લાના ઉરણ સ્થિત અધિકારક્ષેત્રની કોર્ટમાં રજૂ કરવા માટે બે દિવસના ટ્રાન્ઝિટ રિમાન્ડની માંગ કરવામાં આવી હતી.

### મેઘરાજાની મહેર માટે...

અર્પણ કરવામાં આવે છે. પારસી ધર્મમાં શ્વાનને વફાદારી, કરુણા અને શુભતાનું પ્રતિક માનવામાં આવે છે. ત્યારબાદ સમાજના લોકો એકસાથે બેસીને ખીચડીનું પ્રસાદરૂપે સેવન કરે છે. બમન માસ દરમિયાન પારસી સમાજમાં સંયમ, સેવા અને દાનને વિશેષ મહત્વ આપવામાં આવે છે. ઘણા પરિવારો માંસાહારનો ત્યાગ કરી પરોપકાર અને ધાર્મિક કાર્યોમાં જોડાય છે. આ પરંપરા માત્ર વરસાદ માટેની પ્રાર્થના નથી, પરંતુ સમગ્ર સૃષ્ટિના કલ્યાણ માટેની એક સામૂહિક પ્રાર્થના છે.

### ઉત્રાણમાં બંધ...

જાણ કરવામાં આવી હતી. દરમિયાન ગુરુવારે રાત્રે ઉત્રાણ સ્થિત ઓમકાર રો હાઉસના ગેટ પાસે જાહેર માર્ગ પર લાંબા સમયથી પાર્ક કરેલી લાલ રંગની મહારાષ્ટ્ર પાસિંગ કારમાંથી અસહ્ય દુર્ગંધ આવતાં લોકોએ તપાસ કરતાં કારમાં મૃતદેહ જોવા મળ્યો હતો. પોલીસને જાણ કરાતાં પોલીસે સ્થળ પર પહોંચી કાર્યવાહી હાથ ધરી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડ્યો હતો. તપાસ દરમિયાન કારમાંથી મળેલો મૃતદેહ ગુમ થયેલા રવિ ચૌધરીનો હોવાનું બહાર આવ્યું હતું. સ્મીમેર હોસ્પિટલમાં ફોરેન્સિક પદ્ધતિથી પેનલ પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું.પ્રાથમિક તપાસમાં મૃતકના શરીર પર કેટલીક ઈજાના નિશાન જોવા મળ્યા હોવાનું જાણવા મળ્યું છે. જોકે, વિવિધ ફોરેન્સિક અને વિસેરા રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું ચોક્કસ કારણ સામે આવશે.

### રવિની માનસિક સ્થિતિ સારી ન હતી : પરિવારજનો

પરિવારજનોએ જણાવ્યું કે, રવિ માત્ર નવમા ધોરણ સુધી અભ્યાસ કરેલો હતો. માનસિક સ્થિતિને કારણે તેઓ કોઈ સ્થાયી કે મોટું કામ કરી શકતા નહોતા. આસપાસની સોસાયટીઓ અને ઘરોમાંથી કચરો ઉપાડવાનું કામ કરીને લોકો પાસેથી મળતા વીસ, ત્રીસ રૂપિયામાં જ તેઓ ખુશ રહેતા હતા. તેમના સરળ અને નિર્દોષ સ્વભાવને કારણે વિસ્તારના લોકોમાં પણ તેઓ ખૂબ જ લોકપ્રિય હતા. તેમના અચાનક નિધનથી પરિવાર સહિત સમગ્ર વિસ્તાર શોકમાં ગરકાવ થયો છે.

### નવસારીની મૈત્રી...

મૈત્રીની પસંદગી કરવામાં આવી છે.

એક નાના જિલ્લામાંથી નીકળીને રાષ્ટ્રીય સ્તરે પોતાની આગવી ઓળખ ઊભી કરનાર મૈત્રીની આ સિદ્ધિ માત્ર તેના પરિવાર માટે જ નહીં, પરંતુ સમગ્ર દક્ષિણ ગુજરાત અને રાજ્યના રમતજગત માટે ગૌરવની ક્ષણ છે. સ્થાનિક સ્તરેથી શરૂ થયેલી તેની સફર હવે આંતરરાષ્ટ્રીય ક્રિકેટના દરવાજા સુધી પહોંચી ગઈ છે, જે તેની અવિરત મહેનતનું પરિણામ છે. મૈત્રીની આ સફળતા પાછળ તેનું સ્થાનિક અને ડોમેસ્ટિક ક્રિકેટમાં બતાવેલું ઉત્કૃષ્ટ પ્રદર્શન જવાબદાર છે. તાજેતરમાં રમાયેલી મહિલા અંડર-૧૯ વન-ડે ટ્રોફીમાં મૈત્રીએ શાનદાર બેટિંગનું પ્રદર્શન કરતા ૫૫ રનની શાનદાર અડધી સદી ફટકારીને પસંદગીકારોનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું હતું. મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ સંયમપૂર્વક રમીને ટીમ માટે સ્કોર કરવાની તેની ક્ષમતા તેને અન્ય ખેલાડીઓથી અલગ પાડે છે.

તેની આ પ્રતિભાને નિખારવામાં નવસારી સ્થિત એસ.એસ. અગ્રવાલ સ્પોર્ટ્સ એકેડેમી અને બરોડા ક્રિકેટ એસોસિએશનનો સિંહફાળો રહ્યો છે. એકેડેમીના આધુનિક કોચિંગ, યોગ્ય માર્ગદર્શન અને બરોડા ક્રિકેટ એસોસિએશન દ્વારા પૂરા પાડવામાં આવેલા પ્લેટફોર્મના કારણે મૈત્રી પોતાની રમતને આગલા સ્તરે લઈ જવામાં સફળ રહી છે. મૈત્રીની ભારતીય ટીમની સંભવિતોમાં પસંદગી થવાના સમાચાર વહેતા થતાં જ નવસારી અને બરોડાના ક્રિકેટ વર્તુળમાં ભારે ઉત્સાહ અને ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ક્રિકેટ નિષ્ણાતોના મતે, મૈત્રીમાં લાંબી રેસનો ઘોડો બનવાના તમામ ગુણો છે અને શ્રીલંકા સામેની આ સિરીઝ તેના આંતરરાષ્ટ્રીય કરિયર માટે ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ શકે છે.

### ભારતીય ટીમમાં...

દેશ માટે શ્રેષ્ઠ પ્રદર્શન કરવાનો તેનો સંકલ્પ છે. મૈત્રીની સફળતા પાછળ માત્ર ક્રિકેટની રમત નથી, પરંતુ સંઘર્ષ, સમર્પણ અને સપનાઓને સાકાર કરવાની એક પ્રેરણાદાયી સફર છે. બાળપણથી જ રમતગમત પ્રત્યે વિશેષ લગાવ ધરાવતી મૈત્રીએ નાની ઉંમરે ક્રિકેટને પોતાના જીવનનું લક્ષ્ય બનાવ્યું હતું. ત્યારથી સતત મહેનત, કઠોર તાલીમ અને શિસ્તબદ્ધ જીવનશૈલીના કારણે તે આજે દેશના સર્વોચ્ચ યુવા ક્રિકેટ મંચ સુધી પહોંચી શકી છે. મૈત્રીના પરિવારએ પણ તેની કારકિર્દી ઘડવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. વધુ સારી તાલીમ અને સ્પર્ધાત્મક માહોલ મળે તે માટે પરિવારે અનેક પડકારોનો સામનો કર્યો હતો. દરેક સંજોગોમાં પરિવાર તેના માટે મજબૂત આધારસ્તંભ બની રહ્યો, જેના પરિણામે આજે મૈત્રી દેશનું પ્રતિનિધિત્વ કરવા સજ્જ બની છે.

### મહેનતથી મેળવ્યું...

તેણે પોતાની રમતને વધુ નીખારી અને આજે ભારત અંડર-19 ટીમમાં સ્થાન મેળવી પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો છે. તેમણે કહ્યું કે દિકરો હોય કે દિકરી, બંનેને આગળ વધવાની સમાન તક મળવી જોઈએ.

### અંડર-19 ટીમમાં...

26 દિવસીય સેન્ટર ઓફ એક્સિલેન્સ (COE) અંડર-19 મહિલા એલાઈટ કેમ્પ માટે પણ તેની પસંદગી થઈ હતી. કેમ્પ બાદ યોજાયેલી ઈન્ટર કેમ્પ ટુર્નામેન્ટમાં ગૌરીએ પોતાની અસરકારક બોલિંગથી કોચ અને પસંદગીકારોને પ્રભાવિત કર્યા હતા. જુલાઈના અંતમાં BCCI 2027માં બાંગ્લાદેશ અને નેપાળ ખાતે યોજાનારા અંડર-19 મહિલા વર્લ્ડ કપ માટે 25 સંભવિત ખેલાડીઓની પસંદગી કરશે. જો ગૌરી આ યાદીમાં સ્થાન મેળવશે તો ગુજરાત ક્રિકેટ એસોસિએશનના છેલ્લા 50 વર્ષના ઈતિહાસમાં આ સિદ્ધિ મેળવનારી પ્રથમ મહિલા ખેલાડી બનશે.

### રૂ. 1.11 લાખનો પ્રોત્સાહક ચેક અર્પણ

ગૌરીની નોંધપાત્ર સિદ્ધિ બદલ સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન દ્વારા તેનું સન્માન કરવામાં આવ્યું હતું. એસોસિએશનના પ્રમુખ કનૈયાભાઈ કોન્ટ્રાકટર અને મંત્રી હિતેશભાઈ પટેલે પ્રોત્સાહનરૂપે રૂ. 1,11,111નો ચેક અર્પણ કર્યો હતો. આ પ્રસંગે ગુજરાત ક્રિકેટ એસોસિએશન તથા એસ.ડી.સી.એ.ના હોદેદારો, કારોબારી સભ્યો અને ક્રિકેટપ્રેમીઓએ ગૌરીને અભિનંદન પાઠવી આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું ગૌરવ વધારવા શુભેચ્છાઓ આપી હતી.

### પ્લેનક્રેશના મૃતક...

ઉડાન ભર્યાની થોડી જ મિનિટોમાં તૂટી પડેલા એર ઈન્ડિયા ફ્લાઈટ 171ના અકસ્માતમાં મૃત્યુ પામ્યા હતા. આ દુર્ઘટનામાં વિમાનમાં સવાર 242માંથી 241 લોકો તથા જમીન પરના 19 લોકોના પણ મોત થયા હતા. જેમાં સુરતના અકીલ નાનાબાવાનો પરિવાર પણ સવાર હતો. તેમના પિતા અબ્દુલ્લાહના જણાવ્યા અનુસાર અકીલના અવસાનના એક વર્ષ બાદ તેમના પરિવારે લોમ્બોક ટાપુ પર તેમના સ્મરણાર્થે મસ્જિદ અને આશ્રયગૃહો (શેલ્ટર હોમ્સ) બનાવ્યા છે. આ પ્રોજેક્ટ માટે છેલ્લા આઠ મહિનામાં યુકેની ચેરિટી 'બેનિફિટ મેનકાઈન્ડ'ની મદદથી લગભગ 23,000 પાઉન્ડ (આશરે 30 લાખ રૂપિયા) એકત્ર કરવામાં આવ્યા હતા. આ મસ્જિદ આ વર્ષે રમઝાનના પવિત્ર મહિનાના પ્રથમ દિવસે શરૂ કરવામાં આવી હતી. પરંતુ આ યોજના સાકાર થાય તે પહેલાં જ બકરી ઈદ નિમિત્તે પરિવારને આશ્ચર્ય આપવા સુરત આવેલા અકીલનું વિમાન દુર્ઘટનામાં અવસાન થયું. ત્યારબાદ તેમના નાના ભાઈ હમઝાએ પરિવાર સાથે મળીને અકીલનું સ્વપ્ન પૂરું કરવાનો સંકલ્પ કર્યો હતો . હાલમાં મદ્રસા અને આશ્રયગૃહોના નિર્માણનું કામ પણ ચાલી રહ્યું છે. ગ્લોસ્ટરમાં જન્મેલા અકીલે સાઉથ વેલ્સ યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ તેઓ ન્યૂપોર્ટમાં સ્થાયી થયા અને યુકે, ભારત તથા દુબઈમાં શાખાઓ ધરાવતી ભરતી (રિક્રૂટમેન્ટ) કંપની ચલાવતા હતા. તેઓ એક ઉત્સાહી ફૂટબોલ ખેલાડી પણ હતા અને બેંગલ ડ્રેગન્સ, K2 FC તથા રાઈઝિંગ સ્ટાર્સ FC જેવી ટીમો માટે રમ્યા હતા.